


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-26 ■ અંક-44■ તા. 30-10-2022 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેકટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

## મોદી-સુનક બાલીમાં મળશે : મુકત વ્યાપાર કરાર થશે

# ટેલીફોનિક ચર્ચામાં મુકત વ્યાપાર કરાર ફાઇનલ કરવા સહમત

બાલી,તા.૨૯

ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા બ્રિટનના પ્રધાનમંત્રી ઋષિ સુનક વચ્ચે ચાલુ માસના મધ્યમાં બેઠક થશે અને લાંબા વખતથી અટવાયેલા મુકત વ્યાપાર કરાર પર મહોર લાગવાની સંભાવના છે.

ઈન્ડોનેશીયાના બાલીમાં ચાલુ મહિનાના મધ્યમાં જી-૨૦ શિખર સંમેલન યોજાવાનું છે અને તે દરમ્યાન નરેન્દ્ર મોદી તથા સુનક વચ્ચે દ્વિપક્ષી બેઠક યોજાશે. મુકત વ્યાપાર કરાર પર આખરી નિર્ણય લેવા માટે બંને દેશો દ્વારા તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુરૂવારે બંને નેતાઓએ ફોન પર વાતચીત કરી હતી અને મુકત વ્યાપાર સમજુતી લાગુ કરવાની પ્રતિબધ્ધતા દર્શાવી હતી.

બાલીમાં યોજાનારી જી-૨૦ શિખર બેઠક અન્ય અનેક કારણોથી પણ ચર્ચામાં છે. બેઠકમાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ પણ ભાગ લેવાના છે. આ દરમ્યાન તેઓ વડાપ્રધાન મોદીને મળે છે કે કેમ તે વિશે પણ વૈશ્વીક દેશોની નજર છે. અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં સમરકંદ ખાતેની એસસીઓની બેઠકમાં વડાપ્રધાન મોદીએ ચીનના વડા સાથે અંતર રાખ્યુ હતુઃ ચીન સાથેના સરહદી વિવાદ સહિતના કારણો જવાબદાર ગણાય છે. જિનપિંગ તાજેતરમાં ત્રીજી વખત ચીનના વડા બન્યા હોવા છતાં વડાપ્રધાન મોદીએ અભિનંદન આપવાનું પણ ટાળ્યું છે.

કેન્દ્ર સરકારના સુત્રો કહેવા પ્રમાણે જી-૨૦ શિખર સંમેલન દરમ્યાન ભારત અને બ્રિટન વચ્ચે મુકત વ્યાપાર કરારમાં આખરી મહોર લાગવાનું લગભગ નકકી છે. બંને દેશો કરાર આડેના અવરોધો દુર કરવા મથી રહ્યા છે અને મંત્રાણાઓનો દોર જારી છે બંને દેશોના વડાપ્રધાનોએ ટેલીફોનિક વાતચીતમાં પણ પ્રતિબધ્ધતા દર્શાવી હતી એટલે અત્યારથી જ બાલી બેઠક માટે બંને દેશો તૈયારીમાં લાગી ગયા છે.

સુનક ઉપરાંત ચીનના વડા જિનપિંગ સાથે પણ મોદીની બેઠક થવાની સંભાવના વ્યકત કરવામાં આવી રહી છે. જોકે, સરકારી સુત્રો આ વાતને નકારી રહ્યા છે. સરહદી વિવાદમાં ચીનના વલણથી ભારત નારાજ છે અને તેને કારણે મોદી-જિનપિંગ બેઠકની શકયતા ન હોવાનો નિર્દેશ આપવામાં આવી રહ્યો છે.

પૂર્વ લડાખના ગલવા ખીણમાં બંને દેશો વચ્ચેનું ટેન્શન ઝડપથી દુર થવાની ભારતને આશા હતી પરંતુ તે શકય બન્યુ ન હતું. ભારત સામે ચાલીને સકારાત્મક સંદેશ આપવાના મુડમાં નથી ચીન વિવાદ સુલઝાવવાની પહેલ કરે તો જ આગળ વધવાનો ભારતનો અભિગમ છે.

સુત્રોના કહેવા પ્રમાણે ચીન પ્રત્યેના ભારતના વલણમાં કોઈ બદલાવ નથી અને બાલી બેઠકમાં બ્રિટન સાથેનો સુચિત મુકત વ્યાપાર કરારને જ ફોકસમાં રાખવામાં આવ્યો છે.

લાંબા વખતથી અનેકવિધ અડચણોને કારણે કરાર અટવાયેલો છે. હવે નવનિયુકત વડાપ્રધાન ઋષિ સુનક સાથે મંત્રણા મારફત



આગળ વધારવા તથા અંતિમ મહોર મારવા માટે બંને દેશો સંમત થયા છે. બંને દેશોની વર્તમાન તૈયારીઓને લક્ષ્યમાં લેતા બાલી બેઠક દરમ્યાન જ આ કરાર ફાઈનલ થઈ શકે છે.

## પાકિસ્તાનમાં ૧૦ વર્ષની માસૂમ હિન્દુ બાળકીના ૮૦ વર્ષના શખ્સ સાથે લગ્ન, બળજબરીથી ધર્માંતરણ

નવીદિલ્હી,તા.૨૯

પાકિસ્તાનમાં હિન્દુ મહિલાઓની સુરક્ષા સતત ચિંતાનો વિષય છે. ખાસ કરીને સિંધ પ્રાંતમાં ઘણી પરિણીત મહિલાઓ અને છોકરીઓનું અપહરણ કરવામાં આવ્યું છે. ત્યારે વધુ એક ઘટનામાં ગત ૨૨ ઓક્ટોબરે ૧૦ વર્ષની હિંદુ બાળકીનું અપહરણ કરીને ૮૦ વર્ષના મુસ્લિમ શખ્સ સાથે લગ્ન કરી દેવામાં આવ્યા હોવાનો બનાવ સામે આવ્યો છે.જમીનદાર મુલ્લા રશીદના સાગરીતોએ ૧૦ વર્ષની બાળકીનું અપહરણ કરીને તેને ઈસ્લામ કબૂલ કરવા દબાણ કર્યું હતું. ત્યારબાદ તેણીના લગ્ન ૮૦ વર્ષના વિધુર મુલ્લા રશીદ સાથે થયા હતા. સિંધમાં જ અન્ય એક ઘટનામાં પરિણીત હિંદુ મહિલા શાંતિ મેઘવારનું ચાર હથિયારધારી શખ્સોએ અપહરણ કર્યું હતું.

મહિલાનું બળજબરીથી ધર્મપરિવર્તન કરાવવામાં આવ્યું હતું અને મંજૂર શેખ નામના શખ્સ સાથે લગ્ન કરાવાયા હતા. મહિલાની માતાનો આરોપ છે કે એસએચઓ ઈરફાન દસ્તિકોલે એફઆઈઆર પણ નોંધી નહોતી ૫,૦૦૦ રૂપિયાની લાંચ ન આપવાના કારણે તેણે ફરિયાદ લેવાનો ઈનકાર કર્યો હતો. જબરજસ્તી ધર્મ પરિવર્તન કરાવીને સ્થાનિક મુસ્લિમ યુવક સાથે લગ્ન કરાવવામાં આવ્યા ત્યારે દરગાહમાં સશસ્ત્ર લોકોએ પ્રવેશ કરી તેની ખુશી મનાવવા હવામાં ગોળીબાર કર્યો હતો.સિંધના શિકારપુર જિલ્લામાં પૂર પીડિત નવ વર્ષની બાળકી પર અજાણ્યા લોકોએ સામૂહિક બળાત્કાર કર્યો હતો. મંગળવારે કરાચીના ક્લિફ્ટન વિસ્તારમાં બે શખ્સોએ યુવતીને બળજબરીથી કારમાં બેસાડી હતી અને બળાત્કાર કર્યા બાદ તેને હઝરત અબ્દુલ્લા શાહ ગાઝીની દરગાહ પાસે ફેંકી દીધી હતી.

ઘટનાની નોંધ લેતા સિંધ હાઈકોર્ટે ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલને ૨૭ ઓક્ટોબરે કોર્ટમાં હાજર થવાનો આદેશ આપ્યો છે. પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં હિન્દૂ યુવતીઓ અને મહિલાઓ બળાત્કાર અને ધર્માંતરણનો સૌથી વધુ શિકાર બને છે અપહરણ કરીને લગ્ન કરાવવાના કિસ્સા વધી રહ્યા છે. જબરજસ્તી ઈસ્લામ ધર્મમાં પરિવર્તન કરાવીને લગ્ન કરી દેવામાં આવે છે.

માનવાધિકાર સંગઠનોનું કહેવું છે કે, આવા ડઝનેક મામલામાં હિંદુ સ્ત્રીઓનું અપહરણ કરીને તેમનું ધર્માંતરણ કરવામાં આવ્યું હતું. આ તમામ કેસો મોટાભાગે સિંધ પ્રાતના છે જ્યાં મહત્તમ સંખ્યામાં હિંદુઓ રહે છે.

પાકિસ્તાનનો લઘુમતી સમુદાય લાંબા સમયથી બળજબરીથી લગ્ન અને ધર્મ પરિવર્તનના મુદ્દાનો સામનો કરી રહ્યો છે. પીપલ્સ કમિશન ફોર માઈનોરિટી રાઈટ્સ અને સેન્ટર ફોર સોશિયલ જસ્ટિસ અનુસાર, ૨૦૧૩ અને ૨૦૧૯ વચ્ચે બળજબરીથી ધર્માંતરણની ૧૫૬ ઘટનાઓ બની હતી.

## ટીએમસીના ધારાસભ્યની પત્નીએ લોટરીમાં ૧ કરોડ જીત્યા

કોલકતા,તા.૨૯

ટીએમસી ધારાસભ્ય વિવેક ગુપ્તાની પત્નીએ લોટરીમાં એક કરોડ રૂપિયા જીત્યા છે. આ પછી પશ્ચિમ બંગાળમાં રાજકારણ શરૂ થઈ ગયું છે. બીજેપી નેતા સુવેન્દુ અધિકારીએ તેના પર મની લોન્ડરિંગનો આરોપ લગાવ્યો છે અને કહ્યું છે કે લોટરી કંપની સાથે ટીએમસીના સંબંધો છે. સુવેન્દુ અધિકારીએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે સામાન્ય લોકો ટિકિટ ખરીદે છે, પરંતુ ટીએમસીના નેતાઓને બમ્પર ઈનામ મળે છે.

પશ્ચિમ બંગાળમાં, વિપક્ષના નેતા અને ભાજપના ધારાસભ્ય સુવેન્દુ અધિકારીએ લોટરીમાં ૧ કરોડ રૂપિયાનું બમ્પર ઈનામ જીત્યા બાદ ટીએમસી ધારાસભ્ય વિવેક ગુપ્તાની પત્ની પર મની લોન્ડરિંગનો આરોપ લગાવ્યો છે. સુવેન્દુ અધિકારીએ આરોપ લગાવ્યો કે ટીએમસી લોટરી કંપની સાથે જોડાણ ધરાવે છે, તેમણે ઉમેર્યું કે 'હું કહું છું કે આ મની લોન્ડરિંગની એક સરળ અને સરળ પદ્ધતિ છે.ભાજપના નેતા અધિકારીએ આરોપ લગાવ્યો કે સામાન્ય લોકો ટિકિટ ખરીદે છે, પરંતુ ટીએમસીના નેતાઓને બમ્પર ઈનામ મળે છે. અગાઉ અનુબ્રત મંડલે જેકપોટ જીત્યો હતો અને હવે ટીએમસી ધારાસભ્ય વિવેક ગુપ્તાની પત્નીએ ૧ કરોડ રૂપિયા જીત્યા છે.

સુવેન્દુ અધિકારીએ કહ્યું કે તેમણે આ અંગે ગૃહમંત્રી અમિત શાહને પત્ર પણ લખ્યો છે. અધિકારીએ દાવો કર્યો હતો કે બંગાળમાં લોટરીનું વિશાળ બજાર છે, પરંતુ લોટરીઓ અનિયંત્રિત છે. તેમના પત્રમાં, તેમણે આરોપ લગાવ્યો છે કે રમતમાં ગંભીર અનિયમિતતાઓ છે અને ખોટી પદ્ધતિઓ અપનાવવામાં આવી છે, જેની સંપૂર્ણ તપાસની જરૂર છે.

આ આરોપોનો જવાબ આપતા ધારાસભ્ય વિવેક ગુપ્તાએ કહ્યું કે તેમની પત્ની પર રાજકીય હુમલાઓ સંપૂર્ણપણે ખોટા છે. કારણ કે તેમને રાજકારણ સાથે કોઈ લેવાદેવા નથી. તેણે કહ્યું કે 'તે આ લોટરી જીતેલી રકમનો ખર્ચ કેવી રીતે કરશે તે સંપૂર્ણપણે મારી પત્નીનો નિર્ણય છે. જોકે તે સખાવતી સંસ્થાઓ સાથે સંકળાયેલી છે. તેથી તે તેનો ઉપયોગ સખાવતી પ્રવૃત્તિઓ માટે પણ કરી શકે છે. તેણે વધુમાં ઉમેર્યું. ×તેણે કહ્યું કે આ એક રજિસ્ટર્ડ લોટરી હતી. જે દેશના નાણાંકીય સંસ્થાઓ દ્વારા નિયંત્રિત થાય છે.

## નેન્સી પેલોસીના પતિ પર હથોડાથી હુમલો

# અમેરિકી પ્રતિનિધિ સભાના સ્પીકરના પતિ પોલ પેલોસી હુમલામાં ગંભીર રીતે ઘાયલ

## હુમલાખોરે નેન્સી પેલોસીના ઘરમાં હથોડા સાથે ઘૂસીને 'ક્યાં છે નેન્સી?' એવી બૂમો પાડી હતી

વોશિંગ્ટન,તા.૨૯

વહેલી સવારે સાન ફ્રાન્સિસ્કોમાં યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવના સ્પીકર નેન્સી પેલોસીના ઘરે એક હુમલાખોર ઘૂસી ગયો હતો અને તેના પતિ પર હથોડી વડે હુમલો કર્યો હતો. ઘટનાથી વાકેફ લોકોએ આ માહિતી આપી હતી. નેન્સીના પતિ પોલ પેલોસી પર એક બોથડ હથિયારથી હુમલો કરાતા માથા અને શરીર પર ઈજાઓ થઈ હતી. આ ઘટનાથી વાકેફ બે લોકોએ શુક્રવારે એસોસિએટેડ પ્રેસ ન્યૂઝ એજન્સીને જણાવ્યું હતું.

તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે જ્યાં ડોક્ટર તેમની સારવાર કરી રહ્યા છે. નેન્સી પેલોસીના પ્રવક્તા, ડ્રિવ હેમિલે જણાવ્યું હતું કે પોલ ઈજાઓમાંથી સંપૂર્ણ સ્વસ્થ થવાની અપેક્ષા છે. ઉલ્લેખનીય છે કે નેન્સી પેલોસી થોડા સમય પહેલા જ ચીનની ધમકી પછી પણ તાઈવાનની મુલાકાતે જવા બદલ ચર્ચામાં રહ્યા હતા.

નેન્સીના પ્રવક્તા, ડ્રિવ હેમિલે જણાવ્યું હતું કે હુમલાખોરને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે અને હુમલાના હેતુની તપાસ કરવામાં આવી રહી છે. હુમલાખોરે નેન્સીના ઘરમાં ઘૂસીને 'ક્યાં છે નેન્સી?' એવી બૂમો પાડી હતી.

હેમિલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે સ્પીકર અને તેમનો પરિવાર તબીબી કર્મચારીઓ અને ઘટના પછી તેમને મદદ કરનારા લોકોનો આભારી છે. ઉપરાંત, તેમણે વિનંતી કરી કે આ સમયે તેમની ગોપનીયતાનું સન્માન કરવામાં આવે. સંસદના સભ્યોની સુરક્ષા માટે જવાબદાર કેપિટોલ પોલીસે કહ્યું કે નેન્સી તેના પતિ પર હુમલા સમયે વોશિંગ્ટનમાં હતા. નેન્સી યુરોપમાં સુરક્ષા પરિષદ માટે આ અઠવાડિયે વોશિંગ્ટન પરત ફર્યા હતા.

કેપિટોલ પોલીસે જણાવ્યું હતું કે એફબીઆઈ અને સાન ફ્રાન્સિસ્કો પોલીસ પણ તપાસ કરી રહી છે. હુમલાખોર સાન ફ્રાન્સિસ્કો પોલીસની કસ્ટડીમાં છે.

હુમલાના સંજોગો અસ્પષ્ટ છે, પરંતુ હુમલાએ યુએસ સંસદના સભ્યો અને તેમના પરિવારોની સલામતી અંગે વધારાના પ્રશ્નો ઉભા કર્યા છે. હકીકતમાં, ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સમર્થકોએ યુએસ સંસદ પર હુમલો કર્યાના બે વર્ષ પછી, આ ખતરો ચરમસીમા પર છે.

પોલ એક શ્રીમંત રોકાણકાર છે. નેન્સી અને પોલને પાંચ બાળકો છે. આ વર્ષે મે મહિનામાં, તેમણે કેલિફોર્નિયાના નાપા કાઉન્ટીમાં કાર અકસ્માતમાં નશામાં બેદરકારીપૂર્વક ડ્રાઈવિંગ કરવા બદલ દોષ કબૂલ્યો હતો અને તેને પાંચ દિવસની જેલની સજા ફટકારવામાં આવી હતી.

ઉપરાંત, કોર્ટે તેમને ત્રણ વર્ષ સુધી અધિકારી સમક્ષ નિયમિત હાજર રહેવાનો આદેશ આપ્યો હતો.

વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કારેન જીન-પિયરે કહ્યું કે રાષ્ટ્રપતિ જો બાઈડેન નેન્સીના સંપર્કમાં છે. તેમણે કહ્યું કે રાષ્ટ્રપતિ બાઈડેન પોલ પેલોસી અને સ્પીકર પેલોસીના સમગ્ર પરિવાર માટે પ્રાર્થના કરી રહ્યા છે. આજે સવારે તેમણે સ્પીકર પેલોસીને ફોન કરીને આ ભયાનક હુમલા બાદ પોતાનું સમર્થન વ્યક્ત કર્યું હતું.

રાષ્ટ્રપતિએ તમામ પ્રકારની હિંસાની નિંદા કરી અને પેલોસીના પરિવારની ગોપનીયતાનું સન્માન કરવા હાકલ કરી.

## ભારતે આતંકી સાજિદ મીરનીએ ઓડિયો ક્લિપ પણ દુનિયા સામે રજૂ કરી જેમાં તે આદેશ આપતો હતો



મુંબઇ,તા.૨૯

દેશની આર્થિક રાજધાની મુંબઈમાં થયેલા આતંકી હુમલાની આગામી મહિને ૧૪મી વરસી છે. જો કે તે પહેલા મુંબઈ આતંકી હુમલા અંગે પાકિસ્તાનના સફેદ જૂઠનો એકવાર ફરીથી પર્દાફાશ થયો છે. ભારતે બેઠકમાં આંતરરાષ્ટ્રીય સમુદાય સામે મુંબઈમાં ૨૦૦૮માં થયેલા આતંકી હુમલાના પાકિસ્તાની કનેક્શનનો પણ ખુલાસો કર્યો છે. આખી દુનિયાએ આજે જોયું કે કઈ રીતે પાકિસ્તાનમાં બેઠેલા આતંકીઓના આકા મુંબઈ હુમલાનું ષડયંત્ર રચી રહ્યા હતા અને તેમને આદેશ આપીને આ હુમલાને અંજામ આપવામાં આવ્યો. આ આદેશ આપનાર બીજુ કોઈ નહીં પરંતુ સાજિદ મીર છે. આ ઉપરાંત વિદેશમંત્રી એસ જયશંકરે આતંકવાદને પહોંચી વળવા મુદ્દે સંયુક્ત રાષ્ટ્રની બેઠકમાં કહ્યું કે ૨૬/૧૧ આતંકી હુમલાનો મુખ્ય કાવતરાખોર અને તેની યોજના બનાવનારા હજુ પણ સુરક્ષિત છે અને તેમને સજા આપવામાં આવી નથી. તેમણે કહ્યું કે, જ્યારે કેટલાક આતંકીઓ પર પ્રતિબંધ લગાવવાની વાત આવે છે ત્યારે કેટલાક મામલાઓમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ રાજકીય કારણોસર, ખેદજનક રીતે કાર્યવાહી કરવામાં અસમર્થ રહી છે. આ અગાઉ આંતરરાષ્ટ્રીય સમુદાયના સભ્ય સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની વિશેષ બેઠક માટે હોટલ તાજ મહેલ પેલેસ પહોંચ્યા. આ દરમિયાન તેમણે હોટલમાં ૨૬/૧૧ સ્મારક પર શ્રદ્ધાંજલિ આપી. અત્રે જણાવવાનું કે ૨૦૦૮માં મુંબઈ હુમલાની ૧૪મી વરસી પહેલા ભારત શુક્રવારથી શરૂ થયેલી સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની બે દિવસની આતંકવાદ વિરોધી બેઠકની મેજબાની કરી રહ્યું છે. કાઉન્ટર ટેરરિઝમ કમિટી (સીટીસી) નવી દિલ્હીની અધ્યક્ષતામાં યુએનએસસીની પ્રમુખ બેઠક તે મુખ્ય સ્થળોમાંથી એક (મુંબઈમાં તાજ હોટલ) પર થઈ રહી છે જ્યાં આ આતંકી હુમલા થયા હતા. આતંકવાદ વિરોધી સમિતિની અનૌપચારિક બ્રિફિંગ પહેલા બોલતા જયશંકરે કહ્યું કે, આપણે બધા જાણીએ છીએ કે પૈસા આતંકવાદની જીવનદાયિની છે.

## દિલ્હીમાં ઈન્ડિગો પ્લેનના એન્જિનમાં આગ : પાઈલટની સમજદારીથી ૧૮૪ મુસાફરોનો જીવ બચી ગયો

નવીદિલ્હી,તા.૨૯

શુક્રવારે રાત્રે દિલ્હી એરપોર્ટ પર મોટી દુર્ઘટના ટળી હતી. દિલ્હી એરપોર્ટ પર શુક્રવારે રાત્રે ૯:૪૫ કલાકે ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટના એન્જિનમાં ટેક-ઓફ દરમિયાન આગ લાગી હતી. જોખમને સમજીને પાઈલટે પ્લેનને રનવે પર જ રોકી દીધું હતું. આમ, પાઈલટની સમજદારીને કારણે મુસાફરોના જીવ બચી ગયા. પ્લેનમાં ૧૮૪ મુસાફર હતા. તમામ મુસાફરો સુરક્ષિત છે. ઈન્ડિગો દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ટેક્નિકલ ખામીને કારણે પ્લેનના એન્જિને આગ પકડી હતી.



વિમાનમાં બેઠેલા મુસાફરોએ બારીમાંથી એન્જિનમાં આગ જોઈને ચોંકી ગયા હતા. ફ્લાઈટે ઉડાન ભરતી વખતે જ આ ઘટના સામે આવી હતી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. પ્લેનમાં હાજર પેસેન્જરે એનો વીડિયો બનાવ્યો હતો. વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે પ્લેન ટેકઓફ માટે રનવે પર દોડે છે, ત્યારે અચાનક સ્પાર્ક થવા લાગે છે. થોડી જ વારમાં તણખાં આગનું રૂપ ધારણ કરે છે. પાઈલટ તરત જ પ્લેનને રનવે પર જ રોકી દે છે. ત્યાર બાદ તમામ લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. ગુરુવારે અમદાવાદથી દિલ્હી જતી આકાસા એરલાઈન્સની ફ્લાઈટ સાથે પક્ષી અથડાયું હતું. ઘટના સમયે બોઈંગ ૭૩૭ મેક્સ ૮ વિમાન હવામાં ૧૯૦૦ ફૂટની ઊંચાઈ પર હતું. પક્ષીની ટક્કરથી પ્લેનનો આગળનો ભાગ દબાઈ ગયો હતો.

જયપુર-ચંદીગઢ જઈ રહેલા વિમાનને ટેક્નિકલ ખામીને કારણે જયપુર એરપોર્ટ પર ઈમર્જન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું. આ ઘટના ૨૬ ઓક્ટોબરની છે. વિમાનમાં ૭૦ મુસાફર સવાર હતા. ટેકઓફ કર્યા બાદ એરક્રાફ્ટમાં એસીનું તાપમાન જાળવવામાં આવ્યું ન હતું. આ કારણસર મુસાફરોને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી. ઉતાવળમાં પ્લેનને જયપુર એરપોર્ટ પર પાછું લેન્ડ કરવામાં આવ્યું હતું.

સ્પાઈસજેટની ફ્લાઈટનું ૧૨ ઓક્ટોબરની રાત્રે હૈદરાબાદ એરપોર્ટ પર ઈમર્જન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. કેબિન અને કોકપીટમાં ધુમાડો દેખાયા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. પાઈલટે એર ટ્રાફિક કંટ્રોલરને એલર્ટ કર્યું. આ પછી ગ્રાઉન્ડ સ્ટાફને એલર્ટ કરવામાં આવ્યો અને સુરક્ષિત ઉતરાણ કરવામાં આવ્યું હતું.

ડીજીસીએએ જણાવ્યું કે સ્પાઈસજેટનું ઊ૪૦૦ વિમાન ગોવાથી હૈદરાબાદ આવી રહ્યું હતું. વિમાનમાં ૮૬ મુસાફર સવાર હતા. રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સુરક્ષિત ઉતરાણ બાદ મુસાફરોને ઈમર્જન્સી ગેટ પરથી નીચે ઉતારવામાં આવ્યા હતા.

# તંત્રી લેખ

## દૃઢ ઈચ્છાશકિતથી સાર્થક બની શકે સૌના ક્ષેમકુશળની ખેવના

*કર્મના સિદ્દ્ઘાંતની વાતથી ભાગ્યે જ કોઈ અજાણ હશે પરંતુ જીવનપથ પર જોવા મળતા, સહેવા પડતા અને નિરાકરણ દર્શાવવા પડે તેવા અનેક સવાલોના જવાબ અકળ છે. કારણ કે દરેક વ્યકિત પાસે પોતાનું અર્થઘટન અને અભિપ્રાય છે. પરંતુ અલગ-અલગ વિચારસરણીને બદલે આપણે સૌ એકમેકની મદદે દોડી જઈએ તો ગમે તેટલી મોટી પારિવારિક, સામાજીક સમસ્યાનો ઉકેલ શોધી શકાય છે. જે તમે મેળવી શકયા નથી તેને જ સતત યાદ કરતા રહીએ તો જે મળ્યું છે તેને માણવાની તક કદાચ વિસરી જવાશે. જેના કારણે જીવનમાં કયારેય સકારાત્મક અનુભવ નહીં થાય.*

*સ્વનું હિત સાધવાના બદલે સાર્વત્રિકપણે સમાજના ક્ષેમકુશળની ખેવના સેવવામાં આવે તો પોઝિટિવ વિચારધારાની મશાલ ધીમે ધીમે પ્રગટે છે. જેના થકી અભાવ અને આંતરિક મનોવ્યથાનો અંધકાર દૂર કરવાનો પ્રયાસ વાસ્તવિક સાબિત થઈ શકે છે, તેમાં કોઈ મીનમેખ નથી. પરંતુ તેના માટે જરુરી છે દૃઢ ઈચ્છાશકિત. કોઈપણ સારા કાર્યનો આરંભ સરળતાથી થયાનું ભાગ્યે જ જોવા મળે છે. પરંતુ અનેકવિધ પડકાર અને ગુંચવણ વચ્ચે સમાજમાં કાંઈક સારું કરવાની ભાવના ઝળહળતી થાય તે જ સાચો માનવ સ્વભાવ.*

*પવિત્ર યજ્ઞકુંડમાં આહૂતિની સાથે ઘીનું એક એક ટીપું અગ્નિને સતત પ્રજવલ્લિત રાખવામાં મુખ્ય સ્ત્રોત બની રહે છે. તે જ પ્રમાણે સમાજના હિત માટે આરંભાયેલા કાર્યમાં સ્વ ઈચ્છાશકિતથી કરવામાં આવેલ નાનામાં નાનું પર્દાપણ પણ સમયની સાથે એકજૂથ થઈને વિશાળ વટવૃક્ષ બને છે. જેની નીપજરુપે સમાજમાં નોંધનીય સદ્દ્કાર્યનો આરંભ થાય છે અને સૌના પ્રયાસથી તે પરંપરારૂપ બની રહે છે.*

*આવો આપણે સૌ સાથે મળીને કોઈકના ઘરે અજવાશ પથરાય તે માટે મદદરૂપી કોડિયું બનીને, ઘી-તેલરૂપી ઈજન પૂરું પાડીને, ઝળહળતી દિવેટથી અંધકારને દૂર કરવાનો પ્રયાસ કરીએ.*

*કહેવાયું છે કે તારુ-મારું ભૂલીને તું 'આપણું' વિચારી તો જો, મળશે નવો રસ્તો, ડગલું તો માંડી જો... મતલબ કે સાચા અર્થમાં જરૂરતમંદો છે તેવા આપણી સાથે સમાજમાં વસનારાઓ માટે કાંઈક કરવાની ભાવના જગાડવા માટે આપણે સંકુચિતતાના પરિઘમાંથી બહાર આવવાની મક્કમતા કેળવવી પડે.*

## વંદેભારત ટ્રેનને ત્રીજીવાર અકસ્માત નડ્યો,વલસાડમાં ગાય સાથે અથડાતા એન્જિનને મોટું નુકસાન

વલસાડ,તા.૨૯

પ્રધાનમંત્રીએ તાજેતરમાં જ વંદેભારત ટ્રેનને લીલીઝંડી આપી હતી. જેના બાદ પાટા પર દોડતી થયેલી વંદેભારત ટ્રેનને સતત અકસ્માતોનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે વંદેભારત ટ્રેનને ત્રીજીવાર અકસ્માત થયો છે. વલસાડના અતુલ નજીક વંદેભારત ટ્રેનને અકસ્માત નડ્યો હતો. ગાય આડે આવી જતા ટ્રેનનો આગળનો ભાગ તૂટ્યો હતો. સાથે જ એન્જિનને પણ નુકસાન થયું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, વલસાડના અતુલ સ્ટેશન પાસે આ ઘટના બની હતી. દોડતી વંદે ભારત ટ્રેન સાથે ગાય અથડાઈ હતી. જેથી ટ્રેનને મોટું નુકસાન પહોંચ્યું છે. ટ્રેનને અકસ્માત નડતા જ રેલવે વિભાગના અધિકારીઓ દોડતા થયા હતા. અકસ્માતમાં વંદેભારત ટ્રેનનો આગળનો ભાગ તૂટ્યો છે. તો ટ્રેનના એન્જિન નજીક નીચે ભાગમાં પણ નુકસાની થઈ છે.

ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તાજેતરમાં મુંબઈથી અમદાવાદ વચ્ચેની દોડાનારી વંદેભારત એક્સપ્રેસ ટ્રેનને લીલીઝંડી બતાવી હતી. ટ્રેન શરૂ થયાના ચાર દિવસમાં જ વંદેભારત ટ્રેનને અકસ્માત નડ્યો છે. આ જ મહિનામાં ૬ ઓક્ટોબરના રોજ અમદાવાદથી વટવા વચ્ચેના રુટમાં ચાર ભેંસ વચ્ચે આવી જતા ટ્રેનના આગળના ભાગે નુકસાન થયું હતું. તો તેના બીજા દિવસે એટલે કે ૭ ઓક્ટોબરના રોજ આણંદ પાસે ગાય અથડાતા વંદેભારત ટ્રેનને અકસ્માત સર્જાયો હતો. જેમાં પણ ટ્રેન અથડાતા મામૂલી નુકસાન થયું છે. ત્યારે એક જ મહિનામાં ટ્રેનને ત્રીજો અકસ્માત નડ્યો છે. જોવાની વાત એ છે કે, ત્રણેય અકસ્માત રખડતા ઢોરોને કારણે થયા છે.

ગુજરાતમાં રખડતા ઢોરોનો ત્રાસ એટલી હદે વધી ગયો છે કે, હવે ટ્રેન સાથે અકસ્માત થઈ રહ્યાં છે.

અત્યાર સુધી રોડ પર અડીંગો જમાવીને બેસતા રખડતા ઢોર માણસોને અડફેટે લેતા હતા. ત્યારે હવે રખડતા ઢોરો ટ્રેનોને અથડાઈ રહ્યાં છે. જો અકસ્માત મોટો હોય તો ટ્રેનમાં સવાર હજારો મુસાફરોના જીવનું જોખમ બની શકે છે.

## ગુજરાતમાં કોંગ્રેસની સરકાર બનતા જ ૩ લાખ નોકરી આપીશુ : અશોક ગહલોત

સુરત,તા.૨૯

ગુજરાત કોંગ્રેસના સિનિયર ઓબ્ઝર્વર અને રાજસ્થાન મુખ્યમંત્રી અશોક ગહેલોત ૨ દિવસના ગુજરાત પ્રવાસે આવી પહોચ્યા છે. એડહોક ગેહલોતે સુરતમાં પત્રકાર પરિષદ કરી અને ભાજપ અને આપ પર પ્રહારો કર્યા અને સાથે જ કહ્યું કે અમે આમ આદમી પાર્ટીને ગણતા નથી. આ સાથે અશોક ગેહલોતે દાવો કર્યો કે ગુજરાતમાં કોંગ્રેસની સરકાર બનશે.

અશોક ગેહલોતે કહ્યું કે ગુજરાતની હાલત ખૂબ જ ગંભીર છે. ૨૭ વર્ષ સુધી સત્તાપક્ષને તક આપવામાં આવી. ઈતિહાસ બદલી નાખવામાં આવ્યો,જે ક્યારેય થયું નથી.દરેક ઘરોમાં અસંતોષની લાગણી છે. પણ હવે બદલાવનો સમય આવી ગયો છે.

ભાજપની યાત્રાઓ પણ ફેલ થઈ રહી છે અને વિરોધ પણ થઈ રહ્યો છે. કેટલાક લોકો ખોટો ભ્રમ ફેલાવી રહ્યા છે કે કોંગ્રેસ ક્યાં છે? પણ કોંગ્રેસ પુરી રીતે તૈયાર છે. મીડિયા હાલ દબાવમાં છે. પેકેજ આપી પ્રચાર કરાવવામાં આવી રહ્યો છે કે મારા વિરુદ્ધ અપપ્રચાર ન થવો જોઈએ.ગામોમાં જઈને ઈન્ટરવ્યૂ લેવામાં આવે છે જેમાં ઈન્ટરવ્યૂ લેવવાળા વ્યક્તિ અને ઈન્ટરવ્યૂ આપવાવાળા પણ ભાજપના લોકો છે.

રાહુલ ગાંધીએ જે ગેરંટી આપી છે,તે કોંગ્રેસ પુરી કરશેએ હું વિશ્વાસ અપાવ છું. રાજસ્થાનમાં ૯૦ ગર્લ્સ કોલેજો ખોલવામાં આવ્યા, ગુજરાતમાં પણ કોલેજની સંખ્યા વધારવામાં આવશે.

# આન્યા મૃણાલ- પ્રકરણ ૧૪/ વિજય શાહ

મૃણાલ..આમ તો કલાકાર જીવ. ભલે કેમેરો, કેન્વાસ અને પીંછી આન્યાનાં બાળપણ દરમ્યાન છોડી દીધાં હતાં પણ, એની સંવેદનાઓમાં તો આન્યાની સ્મૃતિની પળે પળ કેદ હતી જે ડાયરીમાં કવનરૂપે કે પ્રસંગરૂપે નોંધેલી હતી.

આન્યાનાં જુનિયર કે.જીના દિવસોમાં જ્યારે તે સ્કૂલે હોય ત્યારે મૃણાલનો કલાકાર જીવ પિંજરમાંથી બહાર આવવા તરફડતો.. એક સાંજે આન્યા બોલી "મમ્મા મારું ચિત્ર બનાવને?" કૈરવ પણ તે સમયે હાજર હતો...પેલા બંધિયાર પંખીનું પિંજર ખુલ્યું. સ્કેચપેડ પર પેન્સિલથી આન્યાનાં સ્કેચ દોરાવા માંડ્યા. એક સ્કેચ પૂરો થાય અને આન્યા પૉઝ બદલે એટલે બીજો સ્કેચ દોરાય.

સતત ત્રણ કલાક મૃણાલના હાથની પેન્સિલના હર એક લસરકે આન્યાના જુદા જુદા પૉઝ ચિત્રાકારમાં ઢળતા રહ્યાં. થોડી વાર તો કૈરવને પણ આમાં રસ પડ્યો પણ, અંતે થાકીને એ ઊંઘી ગયો. અને પછી તો આન્યાની આંખો પણ ઘેરાવા માંડી. કૈરવની બાજુમાં આડી પડેલી ઊંઘરેટી આંખોવાળી આન્યાનો સ્કેચ પૂરો કરીને મૃણાલે પેક અપ કર્યું.

આહ! આજની ક્ષણોએ એને અપાર આનંદિત કરી દીધી.

વહેલી સવારે કૈરવે મૃણાલનાં સ્કેચ જોયા ત્યારે તે રાજી થયો કારણ કે આન્યાનાં દરેક સ્કેચનાં પશ્ચાદભૂમાં પોતે હતો.

સવારે બ્રેક્ફાસ્ટ ટેબલ ઉપર આન્યા સ્કેચબુક લઈને આવી અને દાદાને બતાવ્યા, "દાદાજી, કાલે તો મેં અને મમ્માએ બહુ મઝા કરી."




ઊડીને આંખે વળગે એવા સ્કેચ જોઈને અજયભાઈ તો ખુશ ખુશ. પણ માધવીબહેનથી ચૂપ ન રહવાયું, " નર્યો સમયનો બગાડ.. કેમેરા ઉપર ક્લિક ક્લિક કરી લો તો આ ત્રણ કલાકનું કામ દસ મિનિટમાં થઈ જાય."

માધવીબહેનની આવી વાતો પહેલાં મૃણાલનાં મનને છરકો કરી દેતાં પણ હવે મૃણાલનું કેન્દ્ર બદલાયું હતું.

એ પછી તો સ્કૂલે જતી આન્યા, બ્રેક ફાસ્ટટેબલ પર આન્યા, બગીચામાં રમતી આન્યા, રિસાઈને મ્હોં ફૂલાવીને બેઠેલી આન્યા. આન્યાની કેટલીય તસવીરો એ બનાવતી રહી.

આન્યા ૪ વર્ષની થઈ. નાની હતી છતાં એટલીય નાદાન નહોતી રહી. ક્યારેક ડૅડને મોમ પર અકળાતા જોતી કે દાદીના ન સમજ પડે એવા ટોનથી સહેમી જતી. આજે પણ એ સમજી શકી કે દાદીએ એવું કશુંક કહ્યું જેમાં મોમના દોરેલા ચિત્રો એમને ગમ્યાં નહોતાં.

અજયભાઈએ વાત વાળવાનો પ્રયાસ કરતા કહ્યું, "માધવી, તમે પણ મૂળ વાત ભૂલી જાવ છો. આન્યા ત્રણ કલાક સુધી જુદા જુદા પૉઝ આપે, મૃણાલ કહે ત્યાં સુધી તે પૉઝમાં બેસી રહે તેનો એને કેટલો બધો આનંદ છે! એનાં માટે અને આપણાં માટે આ આનંદ અગત્યનો છે."

મૃણાલ તે વખતે બ્રેકફાસ્ટ સર્વ કરતી હતી. તેને હતું કે કૈરવ હમણા જ તાડૂકશે..પણ પપ્પાની હાજરીમાં તે એટલું જ બોલ્યો.. મને તો લાગે છે કે મમ્મી સાચા છે સ્કેચબૉર્ડ અને પેન્સિલ એ જૂનવાણી રસ્તા જ છે. એમાં સમયનો બગાડ જ થાય છે."

મૃણાલ બોલી " આન્યા જયારે સમજણી થશે ત્યારે આ ચિત્રો તેની માનસિક સંપત્તિ હશે.. જેમ આજે પણ મારી માએ દોરેલા મારા બાળપણનાં સ્કેચ મારે માટે અમૂલ્ય જણસ છે."

કૈરવ બોલ્યો.. " મૃણાલ.. આન્યાને તો કૈરવ જેવી બિઝનેસ વુમન બનાવવાની છે તમારા જેવી નહીં હં!"

થોડાક મૌન પછી મૃણાલ શ્રીકાંતભાઈનું ગમતું વાક્ય બોલી.." દરેક બાળક વિધાતા પાસે તેમનું ભાગ્ય લખાવીને આવે છે આપણે તો તેમને મોટા કરી ભણાવી ગણાવીને તેમના હાલ ઉપર છોડવાના છે. મારાં કર્યા કે મારાં જેવા કર્યા એમ કહીએ તો ઉપરવાળો હસશે..તે કોના જેવી થશે તે તો તેનું ભાગ્ય કહેશે."

અણગમતું વાક્ય સાંભળી કૈરવ ઉભો થયો અને ઑફિસે જવા તૈયાર થવા માંડ્યો. રાખની નીચેનો અંગારો ધધકતો હતો જ પણ પપ્પાની હાજરીમાં ચૂપ રહેવું યોગ્ય લાગ્યુ. માધવીબહેનથી ના રહેવાયું અને ગર્વથી બોલી ઉઠ્યા, "મને તો કૈરવ મારા જેવો છે કહેતા ગર્વ થાય છે. જે પૈસાની ભાષા સમજે છે અને બોલે છે પણ પૈસાની જ ભાષા."

અજયભાઈ બોલ્યા.. "મૃણાલ, હવે આ મા દીકરાને પૈસાની ભાષા આપણે સમજાવવાની છે "દીકરી વહાલનો દરિયો" વિષય ઉપર ફોટો એક્ઝિબિશન કરીશું અને જેને કથીર અને પૈસનો બગાડ માને છે તેમને બતાવી આપીએ કે આન્યાનાં ચિત્રો પણ પૈસાની ખાણ છે."

"પપ્પા પણ સમય ક્યાં છે?"

"કાલે રાત્રે જેમ સમય કાઢ્યો તેમ કાઢવાનો અને ફક્ત એક જ મહિનામાં આપણે સફળ થઈને દેખાડશું"

બહાર નીકળતા કૈરવે પપ્પાની વાત સાંભળી ત્યારે નિ:સાસો નાખ્યો.. "આ લતને હું જેમ કાઢવા મથુ છું તેમ વધુ જોર પકડે છે"

ઑફિસે જઈને ઘરે પહેલા ફોન કર્યો....પપ્પા સાથે વાત કરવા.

"હેલ્લો" પપ્પા એ ફોન ઉપાડ્યો"

"પપ્પા! તમે મૃણાલનો સ્ટુડિયો ફરી ખોલવાના પ્રયત્નો ના કરો"

"કેમ? તારા કરતા વધુ સફળ છે તે વાત સહન નથી થતી?"

"હા, પણ તમે જ કહેતા હતાને કે સ્ત્રીનું સ્થાન તો ઘરમાં અને પુરુષનું સ્થાન ગલ્લે."

"હા. પણ તે વાત તારી મમ્મી જેવી ઘમંડી સ્ત્રીને લાગુ પડે છે કે જેને કદી ધરવ હોતો નથી. જોયું નહીં? દરેક વાતે તે તને ઊંચો દેખાડવા મથે છે પણ તેને એ સમજ નથી કે તારી અને મૃણાલની કોઈ સ્પર્ધા જ નથી. તારા ક્ષેત્રે તે પ્રતિસ્પર્ધક નથી તો, તારે શું કરવા તેના ક્ષેત્રે ઈર્ષાથી બળી જવું? તું લાખ ચાહીશ તો પણ તેના જેવા વિચારો કે વણાંકો તું દોરી શકવાનો નથી. વળી તેં જ એનું પહેલું એક્સિબિશન સફળ કર્યુ, તેં રસ્તો ચાતર્યો હવે ત્યાંથી પૈસા ઊભા થાય છે તો થવા દેને?"

"પણ તેમાં તે ખૂબ જ આગળ છે અને મને તેની સફળતાની ઈર્ષા આવે છે."

"ના લાવ..તું તું છે અને તે તે છે. તેં કમાયેલા પૈસા તેના ઉપર વાપરે છે?"

"ના."

"તેના માબાપનું ઘર ભરે છે?"

"ના."

"તો એક ભાગીદાર વધ્યો છે તેમ માન ને..."

"પણ પપ્પા મારે આન્યાને તેના જેવી નથી થવા દેવી."

"એ તો લગ્ન પહેલા વિચારવાનું હતું. હવે તો તે વિચારવું એક મૂર્ખતા છે. સંતાન મા જેવું થાય કે બાપ જેવું ક્યાં કોઈનાં હાથમાં છે?"

"પણ પપ્પા મને મમ્મી કહ્યા કરે છે કે, એ મારા માથે ચઢી જશે.."

"એક છોકરાનો બાપ થયો હવે તો તારે તારા પોતાનાં નિર્ણયો જાતે લેવાનાં. તારી મમ્મીની વાતો સ્વકેન્દ્રી છે તે હવે તો તને સમજાઈ જવું જોઈએ. મૃણાલને તેઓ કદી સ્વીકારશે નહીં કારણ કે, તેને તો ભૌતિક દષ્ટિએ ઈક્વલ સ્ટેટસ જોઈતું હતું, જે શ્રીકાંતભાઈ અને ગાયત્રીબેનનું હતું જ નહીં. મારી વાત સમજ શક્ય છે કે, તારી મમ્મીની વાદે રહી મૃણાલ અને આન્યાને તુ ખોઈ બેસીશ."

"પપ્પા!"

"એક વાત સમજ, મૃણાલ અને તું બે જણા પ્રતિસ્પર્ધી નથી તેથી સ્પર્ધાનાં ભાવે દુ:ખી ના થા..અને તે કંઈ માન અને સિધ્ધિ મેળવે છે તે પતિ તરીકે તને પણ મળે જ છે."ફોન મુકાયો ત્યારે એક નવી દિશા ખુલી હતી તેનો માંહ્યલો કહેતો હતો કે મૃણાલ સામાન્ય વ્યક્તિ નથી. મૃણાલને વહાલથી પોતાનામાં ઓળઘોળ કરવાની છે.

સાંજે આવીને જોયું તો ઘરમાં સ્ટુડિયો ખુલી ગયો હતો.. આન્યા શાંતિથી બેઠી હતી અને એના સ્કેચ દોરાતા જતા હતા. અને મમ્મી ભારેખમ હતાં.

"આ તારા પપ્પા પણ લીધેલો છાલ છોડતા નથી."

"મમ્મી, તે પપ્પા છે અને તેમની વાતો આ ઘરમાં સૌને માટે પથ્થરની લકીર.."

"પણ કૈરવ, આ પગની જૂતીને પગમાં રખાય માથે ના મૂકાય." માધવીબેનની સમૃદ્ધિ માત્ર અજયભાઈને આભારી હતી બાકી મન અને વિચારોથી તો એ કંગાળ જ હતા.

"મમ્મી, હું આન્યાને કેળવીશ. એને આપણે એની મમ્મી જેવી નથી બનાવવી એટલે સમય આવે.

આલેખનઃ વિજય શાહ

# યુનિફોર્મ સિવિલ કોડને લઈને ગુજરાત સરકાર પ્રસ્તાવ લાવશે

ગાંધીનગર,તા.૨૯

યુનિફોર્મ સિવિલ કોડ મામલે ગુજરાત સરકાર પ્રસ્તાવ લાવશે. કેબિનેટ બેઠકમાં પ્રસ્તાવ રજૂ કરાશે. ઉત્તરાખંડની જેમ ગુજરાતમાં પણ રાજ્ય સરકાર યુનિફોર્મ સિવિલ કોડના અભ્યાસ માટે કમિટીની રચના કરી શકે છે. કેબિનેટ બાદ તેની સત્તાવાર જાહેરાત થશે. કેબિનેટની બેઠક બાદ ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવી અને પરસોત્તમ રૂપાલા જાહેરાત કરી શકે છે.

ગાંધીનગરમાં ગુજરાત સરકારની ચૂંટણી પહેલાની અંતિમ કેબિનેટ બેઠક મળવા જઇ રહી છે. આજે બપોરે અઢી કલાકે કેબિનેટની બેઠક મળવાની છે. ત્યારે તેમાં કેટલાક મહત્વના મુદ્દાઓને લઈને ચર્ચા કરવામાં આવશે. મળતી માહિતી પ્રમાણે યુનિફોર્મ સિવિલ કોડ અંગે આજની કેબિનેટ બેઠકમાં પ્રસ્તાવ મુકવામાં આવશે. ઉત્તરાખંડમાં પણ આ જ પેટર્નથી કામ થયુ હતુ. ઉત્તરાખંડમાં પણ આ જ રીતે કેબિનેટ બેઠકમાં યુનિફોર્મ સિવિલ કોડ અંગે પ્રસ્તાવ મુકવામાં આવ્યો હતો. ત્યારે ગુજરાતમાં પણ કેબિનેટ બેઠકમાં આ પ્રસ્તાવ મુકાવાની સંભવાના છે. એટલુ જ નહીં તે માટે રિટાયર્ડ જજની એક કમિટી પણ રચવામાં આવી શકે છે.

જો કે આ અંગેની કામગીરી નવી સરકારમાં જ થઈ શકશે. કારણકે થોડા જ દિવસોમાં ગુજરાત ચૂંટણીની જાહેરાત થશે તો આચાર સંહિતા લાગુ થઈ જશે. તે પહેલા રાજ્ય સરકાર પોતાના તરફથી એક સંદેશ આપવા માગતા હોય તેવુ લાગી રહ્યુ છે કે રાજ્ય સરકાર યુનિફોર્મ સિવિલ કોડના સપોર્ટમાં છે.

જેથી આજની અંતિમ કેબિનેટમાં જ આ અંગેનો પ્રસ્તાવ મુકવામાં આવશે. ત્યારબાદ સત્તાવાર રીતે આ અંગે જાહેરાત કરવામાં આવશે.

કોમન સિવિલ કોડ એક ધર્મનિરપેક્ષ કાયદો છે જે તમામ ધર્મોના લોકોને સમાનરૂપે લાગુ પડે છે. યુનિફોર્મ સિવિલ કોડનો અમલ દરેક ધર્મ માટે સમાન કાયદો લાવશે. હાલ બધા ધર્મોના લોકો આ બાબતોને તેમના વ્યક્તિગત કાયદા હેઠળ સમાધાન કરે છે. મુસ્લિમ, ખ્રિસ્તી અને પારસી સમુદાયોમાં વ્યક્તિગત કાયદો છે જ્યારે હિન્દુ, શીખ, જૈન અને બૌદ્ધ નાગરિક કાયદા હેઠળ આવે છે. બંધારણમાં યુનિફોર્મ સિવિલ કોડના અમલીકરણમાં કલમ ૪૪ હેઠળ રાજ્યની જવાબદારી જણાવી છે.

હાલ તમામ ધર્મના અલગ-અલગ કાયદા, મુસ્લિમ, ખ્રિસ્તી, પારસી સમુદાયોમાં છે વ્યક્તિગત કાયદો, હિન્દુ, શીખ, જૈન, બૌદ્ધ આવે છે નાગરિક કાયદા હેઠળ, બંધારણની કલમ ૪૪ હેઠળ યુસીસી રાજ્યની જવાબદારી,આજ સુધી દેશમાં તેનો અમલ કરવામાં આવ્યો નથી માર્ચ ૨૦૨૨માં મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ ઉત્તરાખંડમાં સમાન નાગરિકા સંહિતા એટલે કે યૂનિફોર્મ સિવિલ કોડને લાગૂ કરવાની જાહેરાત કરી હતી.

આ જાહેરાત કરતા તેમણે જણાવ્યું હતું કે, રાજ્ય મંત્રીમંડળે આ નિર્ણયને સર્વસંમતિથી પોતાની સહમતિ નોંધાવી છે અને હવે બહુ જલ્દીથી વિશેષજ્ઞોની એક સમિતિ બનાવવામાં આવશે અને રાજ્યમાં યૂનિફોર્મ સિવિલ કોડને લાગૂ કરવામાં આવશે.

મહત્વનું છે કે ભારતને આઝાદી મળ્યા પછી યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) અથવા સમાન નાગરિક સંહિતાના અમલની માગણી સતત થતી રહી છે.

યુસીસી એક એવો કાયદો હશે કે જેમાં કોઈ ધર્મ, જાતિ અને જાતીય અભિગમની દરકાર કરશે નહીં. દેશના બંધારણમાં પણ જણાવવામાં આવ્યું છે કે દેશે તેના નાગરિકો માટે આવો કાયદો ઉપલબ્ધ કરાવવાના 'પ્રયાસ' કરવા જોઈએ.

## દિવાળીના વેકેશનમાં જુનાગઢમાં પ્રવાસીઓનો ધસારો, જટાશંકર, તળેટી સહિત રોપ વેની મોજ માણતા સહેલાણીઓ

જૂનાગઢ,તા.૨૯

વેકેશનમાં ગુજરાતીઓ દેશ વિદેશથી માંડીને સ્થાનિક પ્રવાસન સ્થળોએ ઉમટી પડ્યા છે અને દરેક સ્થળે જાણે માણસોનું કિડિયારું ઉભરાયું હોય તેવા દ્રશ્યો સામે આવ્યા છે. ત્યારે સૌરાષ્ટ્રમાં જૂનાગઢ અને તેની આસપાસ આવેલા પ્રાકૃતિક સ્થળોએ પ્રવાસીઓ ઊમટ્યા છે. જૂનાગઢની વાત કરીએ તો તળેટી વિસ્તારમાં આવેલા ભવનાથ મંદિર, દામોદર કુંડ, નરસિંહ મહેતાનો ચોરો, અશોકનો શિલાલેખ સહિતની જગ્યાઓએ પ્રવાસી ઉમટી પડ્યા છે તો ગિરનારમાં આવેલા જટાશંકરના સ્થળે પણ પ્રવાસીઓ પહોચ્યા હતા, ખાસ કરીને યુવા પ્રવાસીઓ અહીં ટ્રેકિંગની મજા માણી હતી. તો સકરબાગ મ્યુઝિયમ, ભવનાથ મંદિર તેમજ ગિરનાર રોપવે સહિતના મોટાભાગના પ્રવાસન સ્થળોએ લોકોની ભીડ ઉમટી છે. તો રોપવેમાં બેસી લોકોએ ખુશી પણ વ્યક્ત કરી હતી.

વેકેશન દરમિયાન છેલ્લા પાંચ દિવસમાં ગિરનારમાં લગભગ ૧૫ હજારથી વધુ પ્રવાસીઓએ મુલાકાત લીધી છે. દરરોજ ૧૫૦૦ થી ૨૦૦૦ જેટલા મુલાકાતઓ રોપ વેની મુલાકાત લઈ રહ્યાં છે અને ગિરનારની સફર માણી રહ્યાં છે ગિરનાર પર લોકો આહલાદક કુદરતી વાતાવરણ જોઇ ખૂબ જ પ્રભાવિત થઈ રહ્યાં છે.

જૂનાગઢમાં યોજાતી ગિરનારની લીલી પરિક્રમાની શરૂઆત એકાદશીથી થશે. બે વર્ષ બાદ આ વખતે સામાન્ય નાગરિકો ગિરનારની લીલી પરિક્રમામાં સામેલ થઈ શકશે. ગિરનારની ૩૫ કિ.મી લાંબી લીલી પરિક્રમા કારતક સુદ અગિયારસથી કારતક સુદ પૂનમ એટલે કે પાંચ દિવસની પગપાળા પરિક્રમા યોજાય છે. નોંધનીય છે કે ગત વર્ષે ફકત સાધુ સંતોએ જ આ પરિક્રમા કરી હતી.

આ તૈયારીઓ અંગે જિલ્લાના કલેક્ટર રચિત રાજની અધ્યક્ષતામાં ૪ નવેમ્બર દેવ ઉઠી એકાદશીના દિવસથી યોજાનારી લીલી પરિક્રમાના આયોજન સંદર્ભે અધિકારીઓની બેઠક મળી હતી. આ બેઠકમાં રોડ-રસ્તા, ટ્રાફિક નિયમન, પ્રદૂષણ- સ્વચ્છતા, પીવાના પાણી સહિત યાત્રિકોની સુરક્ષાના મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી.

# આમ આદમી પાર્ટી ૪ નવેમ્બરે ગુજરાતના મુખ્યમંત્રીપદનો ચહેરો જાહેર કરશે

સુરત,તા.૨૯

આગામી ગુજરાત વિધાનસભા ચૂંટણીને લઈને તમામ પક્ષો એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. ત્યારે આ ચૂંટણીમાં આમ આદમી પાર્ટી(આપ) દ્વારા અત્યારસુધીમાં ૮૬ ઉમેદવાર જાહેર કરી દેવામાં આવ્યા છે. હવે છઠ્ઠો ગુજરાતના મુખ્યમંત્રીપદનો ચહેરો પણ ૪ નવેમ્બરના રોજ જાહેર કરવા જઈ રહી છે. આજે દિલ્હીના મુખ્યમંત્રી અને આપના સંયોજક અરવિંદ કેજરીવાલે સુરતમાં જણાવ્યું હતું કે મુખ્યમંત્રીની પસંદગી માટે એક ફોનનંબર જાહેર કરવામાં આવ્યો છે. ગુજરાતના લોકો દ્વારા પસંદગી કરવામાં આવ્યા બાદ મુખ્યમંત્રીપદનો ચહેરો જાહેર કરવામાં આવશે.આપ દ્વારા જાહેર કરવામાં આવેલા ફોનનંબર ૬૩૫૭૦૦૦૩૬૦ પર એસએમએસ, વ્હોટ્સએપ મેસેજ, વોઇસ મેસેજ અને ઈમેલ પર પણ મેલ કરવા કેજરીવાલ દ્વારા અપીલ કરવામાં આવી છે. ૩ નવેમ્બરના રોજ સાંજે ૫ વાગ્યા સુધી આ ફોનનંબર પર સીએમ અંગેની પસંદગી કરી શકાશે અને ૪ નવેમ્બરના રોજ મુખ્યમંત્રીપદનો ચહેરો જાહેર કરવામાં આવશે.

આમ આદમી પાર્ટી લોકોનો અભિપ્રાય જાણશે. મુખ્યમંત્રીનો ચહેરો જાહેર કરવા માટે લોકોનાં સૂચનો જાણશે. સૂચનો જાણ્યા બાદ છઠ્ઠો મુખ્યમંત્રીનો ચહેરો જાહેર કરશે. મુખ્યમંત્રીનો ચહેરો જાહેર કરી તેમનો પ્રચાર પણ બમણા જોરથી કરાશે. સુરત ખાતે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે ભાજપે મુખ્યમંત્રી કોને બનાવશે એ જનતાને પૂછ્યું નથી, પરંતુ અમે જનતાને પૂછીને જ નિર્ણય લઈએ છીએ. આજે અમે ગુજરાતની જનતાને પૂછીએ છીએ કે તમે કોને મુખ્યમંત્રી બનાવવા માગો છો, અમે ૪ તારીખે જણાવીશું કે ગુજરાતના લોકો કોને મુખ્યમંત્રી બનાવવા માગે છે.

આમ આદમી પાર્ટી પર ભાજપ દ્વારા અનેક આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. એ માત્ર ને માત્ર ભાજપનો ડર બતાવે છે. તાજેતરમાં મનીષ સિસોદિયા પર દારૂ પોલિસીને લઈને મોટો ઘટાડો કર્યો હોવાના આક્ષેપ કરવામાં આવ્યો હતો. અમે તો પોતે કહીએ છીએ કે જો તેમણે કોઈ મોટું કૌભાંડ કર્યું હોય તો તેમને જેલમાં પૂરી દો. તમે કેમ તેમને જેલમાં પૂરતા નથી. હજી આગામી દિવસોમાં ઘણા આક્ષેપો કરવામાં આવશે અને ડરાવવામાં આવશે, પરંતુ અમે ગુજરાતની જનતાની વચ્ચે જઈએ છે. પ્રજાને અમારામાં વિશ્વાસ છે.

દિલ્હીમાં જે પ્રકારે પ્રદૂષણે માઝા મૂકી છે એને કારણે સમગ્ર દેશભરમાં ફરી એકવાર ચર્ચા શરૂ થઈ છે. અરવિંદ કેજરીવાલે યમુના સફાઈની વાત કરી હતી ત્યારે તેમણે સ્વીકાર્યું છે કે ૨૦૨૫ સુધીમાં યમુના સફાઈ કરવાની વાત મેં કરી હતી. દિલ્હીમાં જે રીતે દર વર્ષે છટપૂજા થાય છે એ જ રીતે આ વર્ષે પણ છઠપૂજા થશે. આ દિલ્હીની નગરપાલિકાની ચૂંટણીનો મુદ્દો છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલાં આમ આદમી પાર્ટી અલગ અલગ વિધાનસભા બેઠક પર ઉમેદવારો જાહેર કરી રહ્યા છે. ત્યારે ગત રોજ સાતમી યાદી જાહેર કરવામાં આવી હતી. જેમાં ૧૩ ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા હતા. અત્યાર સુધીમાં આમ આદમી પાર્ટી દ્વારા ૮૬ વિધાનસભા બેઠક પરના ઉમેદવારો જાહેર કરવામાં આવ્યા છે. દિલ્હીના મુખ્યમંત્રી ત્રણ દિવસના ગુજરાતના પ્રવાસે છે. કેજરીવાલ ગત રોજથી ગુજરાતમાં સભાઓ ગજવી રહ્યા છે.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલ સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001